પારુલ આરોગ્ય સેવા મંડળ દ્વારા
સંચાલિત સ્વનિર્ભર પારુલ
ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ મુ.
લીમડા, તા. વાઘોડીયા, જી.
વડોદરાને માન્યતા આપવા બાબત.

ગુજરાત સરકાર
*આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ*
ઠરાવ ક્રમાંક :અયદ/૧૦૨૦૦૬/એસ.એફ.એસ.-૨૩૧/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૬-૦૯-૨૦૦૬

વંચાણે લીધો :-

૧. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના પત્ર ક્રમાંકઃ એકેડેમિક /પારુલ/૨૦૦૬-૦૭/ ૧૪૭૩, તા. ૨૪/૦૮/૨૦૦૬.
૨. ડીપાર્ટમેન્ટ ઓફ આયુષ, મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર, ભારત સરકાર, નવી દિલ્હીનો પત્ર ક્રમાંક નં. આર-૧૨૦૧૧/૪/૨૦૦૫/ઇ.પી. તા.૨૧/૦૩/૨૦૦૬
૩. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારના ના-વાંધા પ્રમાણપત્ર નંબર- અયદ/૧૦૨૦૦૫/૪૩૬૫/છ, તા. ૨૫/૦૫/૨૦૦૫
૪. નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ તારીખ ૦૬-૦૭-૨૦૦૬

આમુખ :-

પારુલ આરોગ્ય સેવા મંડળ દ્વારા સંચાલિત સ્વનિર્ભર પારુલ ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ મુ. લીમડા, તા. વાઘોડીયા, જી. વડોદરા ખાતે આયુર્વેદના અભ્યાસક્રમ ચલાવવા માટે સને ૨૦૦૬-૦૭ ના શૈક્ષણિક વર્ષથી નવી શ્રી પારુલ ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ શરૂ કરવા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર સાથેના જોડાણની મંજૂરી સંદર્ભ (૧) થી મળેલ છે તેમજ સંદર્ભ (૩) ના પત્રથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ઉકત સંસ્થા શરૂ કરવા ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ હતું તથા સંદર્ભ (૨)ના પત્રથી ડીપાર્ટમેન્ટ ઓફ આયુષ, મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર, ભારત સરકાર દ્વારા ૫૦ બેઠકોની પ્રવેશ સંખ્યા સાથે મંજૂરી આપવામાં આવેલ છે.

૨. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર દ્વારા સંદર્ભ (૧) માં દર્શાવેલ તા. ૨૪-૮-૨૦૦૬ના પત્રથી આપેલ જોડાણની મંજૂરી તથા સંદર્ભ (૩) માં દર્શાવેલ પત્રથી આપેલ ના-વાંધા પ્રમાણપત્રને લક્ષમાં લઈને તથા સંદર્ભ (૨) માં દર્શાવેલ પત્રથી ડીપાર્ટમેન્ટ ઓફ આયુષ, મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર, ભારત સરકાર દ્વારા ૫૦ બેઠકોની પ્રવેશ

સંખ્યા સાથે પ્રથમ વર્ષ બી.એ.એમ.એસ.નો અભ્યાસક્રમ સને ૨૦૦૬-૦૭ ના શૈક્ષણિક વર્ષથી શરુ કરવાની માન્યતા આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સ્વનિર્ભર પારુલ ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ મુ. લીમડા, તા. વાઘોડીયા, જી. વડોદરાને સને ૨૦૦૬-૦૭ના શૈક્ષણિક વર્ષથી ૫૦ બેઠકોની પ્રવેશ સંખ્યા સાથે પ્રથમ વર્ષ બી.એ.એમ.એસ.ના અભ્યાસક્રમ શરુ કરવાની માન્યતા નીચેની શરતોને આધીન રહીને આપવામાં આવે છે.

(૧) આ ડિગ્રી અભ્યાસક્રમ ચલાવવા માટે માન્યતા આપતા સંસ્થા/કોલેજ માટે હાલ તથા ભવિષ્યમાં કોલેજના સંચાલન માટે કર્મચારીઓના પગાર ભથ્થા સહિતનો તમામ ખર્ચ સ્વભંડોળમાંથી મેળવવાનો રહેશે અને સરકાર પાસેથી કોઈપણ પ્રકારની અનુદાન કે સહાય મળવાપાત્ર થશે નહીં.

(૨) રાજય સરકારશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર, સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન મેડીસીન તથા ભારત સરકાર મુકે તે તમામ શરતોનું પાલન સંસ્થાને નિયત સમય -મર્યાદામાં કરવાનું રહેશે.

(૩) સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયન મેડીસીનના મીનીમમ સ્ટાન્ડર્ડ ઓફ એજયુકેશન રેગ્યુલેશન એકટ અન્વયેની જોગવાઇઓ પ્રમાણે ડીગ્રી અભ્યાસક્રમ શરુ કરવા માટે આવશ્યક એવી તમામ ન્યુનતમ સવલતો જેવી કે શૈક્ષણિક સ્ટાફ, મકાન, લેબોરેટરી, સાધનો, હોસ્પિટલની સગવડો, લાયબ્રેરી વિગેરે કોલેજ શરુ થયાના પ્રથમ સત્રથી ઉપલબ્ધી કરવાની રહેશે, સંસ્થાએ સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયન મેડીસીન, નવી દિલ્હી તથા ડીપાર્ટમેન્ટ ઓફ આયુષ, ભારત સરકાર દ્વારા વખતો વખત મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે મંજૂરી ન મેળવવાના કારણે ઉપસ્થિત થનાર પ્રશ્નો બાબતની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની પોતાની રહેશે.

(૪) આયુર્વેદ કોલેજ તેની સંલગ્ન લેબોરેટરી તેમજ શિક્ષણ માટેની અન્ય સુવિધાઓ અંગે સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયન મેડીસીન, નવી દિલ્હી તરફથી કે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર તરફથી જે સગવડતાઓ ઉભી કરવાનું આવશ્યક ગણવામા આવે તે તમામ સગવડતાઓ ઉભી કરવાની રહેશે.

(૫) સંસ્થાએ રાજ્ય સરકારે વખતોવખત નક્કી કર્યા પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચના ઉમેદવારોને પ્રવેશ બેઠકો અનામત રાખવાની રહેશે.

(૬) સંસ્થાએ, નામદાર જસ્ટીસ (નિવૃત્ત) શ્રી આર. જે. શાહ સમિતી દ્વારા ફી નું ધોરણ નિયત કરાવીને તેનો અમલ કરવાનો રહેશે.

(૭) રાજય સરકાર વખતો વખત ઠરાવે તે પ્રમાણે નિયમો અને વિનિયમોનો અમલ કરવાનો રહેશે.

(૮) સંસ્થાએ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર સાથે વખતો વખત જોડાણ મેળવવાનું રહેશે અને જોડાણ ન મેળવવાના કારણે ઉપસ્થિત થનાર પ્રશ્નો બાબતની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની પોતાની રહેશે.

(૯) વિદ્યાર્થીઓના પ્રવેશો નામદાર જસ્ટીસ(નિવૃત્ત) શ્રી આર. જે. શાહ સમિતી તથા રાજ્ય સરકાર સૂચવે તે પ્રમાણે કોલેજે નિયત કરવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. કે. જાદવ)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(આ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીન, અમદાવાદ.
- સચિવશ્રી, સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયન મેડીસીન, નવી દિલ્હી.
- સચિવશ્રી, ડીપાર્ટમેન્ટ ઓફ આયુષ, મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર, ભારત સરકાર, નવી દિલ્હી.
- જીલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, વડોદરા.
- સભ્ય સચિવશ્રી, જસ્ટીશ (નિવૃત્ત) શ્રી આર. જે. શાહ પ્રવેશ/ફી સમિતિ, અમદાવાદ.
- સભ્ય સચિવશ્રી (આયુર્વેદ/હોમીયોપેથી), કેન્દ્રીય મેડીકલ પ્રવેશ સમિતિ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ / અમદાવાદ.
- ટ્રસ્ટીશ્રી, પારુલ આરોગ્ય સેવા મંડળ, મુ. લીમડા, તા. વાઘોડીયા, જી. વડોદરા
- પસંદગી ફાઈલ.